**<u>– આંક – ૫ નીચે હુકમ –</u>**

૧. આ કામના વાદીઓએ હાલનો દાવો તથા તે સાથે સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ અન્વયે હંગામી મનાઇહુકમ મેળવવા અરજી કરી આ કામના પ્રતિવાદીનો વાદી મિલકતમાં દાવાના આખરી નિર્ણય સુધી ખોટી રીતે કોઇ દલાલો, એજન્ટો તેમજ વચેટીયા મારફતે તોડે તોડાવે નહિ તેવો દાવાના આખરી નિકાલ સુધી હંગામી મનાઇહુકમ ફરમાવવા હાલની અરજી કરેલ છે.

૨. બાદ આ કામના પ્રતિવાદીને નોટીસ કાઢવાનો હુકમ થતા, કોર્ટથી નોટીસ/સમન્સ કરતા, પ્રતિવાદીને વિધીસરનો સમન્સ બજવા છતાં કોઇ હાજર થયેલ ન હોઇ, આંક–૧ નીચે પ્રતિવાદી વિરૂદ્ધ કામ એક તરફી ચલાવવાનો હુકમ તારીખ ૩૦–૧૧–૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે.

૩. આ કામે **વાદીઓ તરફે** આંક–૪ ના લીસ્ટથી માર્ક ૪/૧ થી ૪/૨૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે વંચાણે લીધા.

૪. આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

– <u>મુદ્દા</u> –

(૧) શું વાદીઓ પોતાનો પ્રથમદર્શનિય કેસ હોવાનું પુરવાર કરે છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીઓને માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં ન આવેતો વાદીઓને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવું નુંકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૫. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

– **<u>નિર્ણયો</u>** –

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

૬. ઉપરોક્ત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

– **<u>કા ર ણો</u>** –

**<u>મુદ્દા નંબર ૧ થી ૩</u>** –

૭. મુદ્દા નંબર–૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઇ પુરાવાનું પુનરાવર્તન ટાળવા તથા અદાલતનો કિંમતી સમય નષ્ટ ન થાય તે હેતુ સર સદર ત્રણેય મુદ્દાઓની ચર્ચા સંયુક્તપણે કરવામાં આવેલ છે.

૮. આ કામે વાદીઓની મુખ્ય રજુઆત એવી છે કે, વાદીઓનુ મોજે પાટણ હાંસાપુર મુકામે સર્વે નં.૩૪૦ વાળી બિન ખેતી થયેલ જમીનમાં તિરૂપતિ બંગ્લોઝ નામે ઓળખાતી સોસાયટીમાં મ્યુ.સે.ની.૧૩/૧૮/૮૧ એ વાળુ મકાન નં.૫/એ રહેણાંક મકાન આવેલ છે, જેનુ કુલ ક્ષેત્રફળ આશરે ૧૯૦.૫૧ ચો.મી. માં ઉપર નીચે ૧૨૧.૪૪ નુ બાંધકામ કરેલ મકાન આવેલ છે. વાદીઓએ તેમની માલિકીની ખુલ્લી જગ્યામાં દુકાન બનાવવા માંગતા હોઇ, વાદીઓએ આશરે ૨૦૨૧ ના માર્ચ મહિનામાં પાટણ ખાતે આવેલ પ્રતિવાદીની કચેરીએ ગયેલા અને કહેલ કે, વાદીઓના ઘરના આગળના ભાગમાં તેમની પોતાની માલિકીની જગ્યા આવેલ છે તે ખુલ્લી જગ્યામાં એક દુકાન બનાવવી છે તો તેના માટે શુ કરવુ પડે ? ત્યારે પ્રતિવાદીએ કહેલ કે તમે તમારા ઘરનો કોમર્શીયલ દુકાનનો વેરો ભરી કાઢો અને તમે દુકાન બનાવી દેજો. વાદીઓએ એ જ

દિવસે કોમર્શીયલ વેરો ભરી દીધેલ. ત્યારબાદ વાદીઓએ પોતાની માલિકીની આવેલ ખુલ્લી જગ્યામાં બંન્ને પડોશીઓ વચ્ચે આવેલી એક કોમન દિવાલને અડીને દિવાલ ચણીને દુકાન બનાવીને દુકાનની છત પર પતરા નાખેલા. ત્યારબાદ પ્રતિવાદીના કહેવા પ્રમાણે દુકાન બનાવેલ અને થોડાક દિવસ પછી આશરે ૨૦૨૧ ના જુન મહિનામાં પ્રતિવાદી દ્વારા એક નોટીસ મોકલવામાં આવેલ કે, વાદીઓએ કરેલ બાંધકામ અટકાવી દેવુ નહીતર તોડી પાડવામાં આવશે તેવી નોટીસ મળી પરંતુ આ નોટીસ મળે એ પહેલા આ બાંધકામ પ્રતિવાદીના કહેવાથી અને દુકાનનો વેરો ભર્યા પછી તૈયાર થઇ ગયેલ હતી. વાદીઓને કોઇપણ જાતની બાંધકામ તોડી પાડવાની કોઇ નોટીસ આપેલ નહિ અને અચાનક પ્રતિવાદીએ વાદીઓની ગેરહાજરીમાં આ બનાવેલ દુકાન તોડી નાંખેલ અને દુકાનમાં પડેલ દૂધ, છાસથી ભરેલા કેરેટ પણ તોડી નાંખેલા અને જે કોમન વરંડાની દિવાલ આવેલી જે સોસાયટીના બિલ્ડર દ્રારા બનાવેલ હતી તે પણ તોડી નાખેલ. વાદીઓ તેમજ તેમના પાડોશીને વગર વાંકે માનસિક, આર્થિક તેમજ સામાજીક નુકશાન કરેલ. પ્રતિવાદી દ્વારા સત્તાનો ખોટો ઉપયોગ કરીને વાદીઓના બાજુના મકાન માલિકના કહેવા છતા અને વાદીઓ દ્વારા મોબાઇલથી વિડીયો રેકોર્ડીંગ કરતા હતા ત્યારે પ્રતિવાદીના સ્ટાફના દિનેશભાઇએ વાદીના ભાઇનો મોબાઇલ ઝુંટવી લઇ તેમાંથી રેકોર્ડ કરેલ વિડીઓ ડીલીટ કરી તેમને એટ્રોસીટીનો કેસ કરીને જેલમાં પુરાવી દઇશ તેવી ખોટી બીક અને દાદાગીરી આપેલ. વાદીઓએ તા.૨૦–૦૭–૨૦૨૧ ના રોજ માહિતી અધિનિયમ ૨૦૦૫ અન્વયે પ્રતિવાદીની કચેરી પાસે માહિતી માંગવામાં આવેલ, તે માહિતી પ્રતિવાદી દ્વારા અધુરી અને ખોટી આપેલ અને ઉડાઉ જવાબ આપેલ અને જો પ્રશ્ન સ્વરૂપમાં માહિતી હતી તો હકાર કે નકારમાં જવાબ આપી શકાય. પાટણ શહેરમાં આવા કેટલાય દબાણો વાળા બાંધકામ ૬૬ કેવી લાઇન ઉપર અને લાઇન નીચે થઇ ગયેલા છે. વાદીની સોસાયટીની બાજુમાં આવેલ આયુષ સોસાયટીની સામે હાંસાપુર રોડ અને દુધની ડેરીની પાછળ આવેલ સોસાયટીની નીચેથી ૬૬ કેવી ની લાઇન જાય છે. પ્રતિવાદીની માલિકીની જમીન પરથી જે લાઇન

જાય છે તે જ લાઇન પર હાલમાં નવીન બાંધકામ થયેલ છે. તેમજ નગરપાલીકા દ્વારા ભુગર્ભ ગટરની બાજુમાં એક કોમ્પ્લેક્ષ પણ બની રહ્યુ છે તેની ઉપરથી પણ ૬૬ કેવી ની લાઇન જાય છે તેમ જણાવી અન્ય આવા બાંધકામો થયેલાની માહિતી આપેલ છે. વાદીઓએ પાટણ નગરપાલીકાના કોર્પોરેટર દ્વારા રૂપિયાની જે માંગણી કરેલ તેની ઓડીયો કલિપ વાયરલ થઇ ગયેલ, તેની કિન્ના ખોરી રાખીને વાદીઓએ ગેર કાયદેસર બાંધકામ કરેલ નથી જે બાંધકામ પ્રતિવાદીના કહેવાથી કરેલ હતુ, તે બાંધકામ પ્રતિવાદીના હુકમના આધારે પાડી દીધેલ છે તેમ છતાં વારંવાર બાંધકામના ડોક્યુમેન્ટ અને મકાનને લગતા દસ્તાવેજી કાગળો જે વારંવાર મંગાવીને ખોટી ખોટી નોટીસો આપીને માનસિક તેમજ આર્થિક અને સામાજીક રીતે વાદીઓને હેરાન કરવામાં આવે છે અને વાદી દ્વારા ચલાવવામાં આવતા દૂધ વિતરણ કેન્દ્ર ને રદ કરવાની ધમકીઓ પ્રતિવાદી દ્વારા આપવામાં આવે છે. પ્રતિવાદી સત્તા અને હકુમતનો દૂર ઉપયોગ કરે છે. વાદીઓ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની પાસેથી માહિતી અધિનિયમ–૨૦૦૫ અન્વયે માહિતી માંગતા તે પ્રશ્ન સ્વરૂપે હતી તેમ છતાં જેટલા પણ ૬૬ કેવી નીચે બાંધેલા બાંધકામની દરેક વ્યક્તિના નામ, સરનામા સાથે યાદી આપેલી અને જણાવેલ કે, આ યાદી તેઓએ નગરપાલીકાને દબાણો દુર કરવા આપેલ છે. વાદીઓ દ્વારા એક અરજી પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી નગરપાલીકાઓ ગાંધીનગર ઝોન ને કરેલ તે અરજી અનુસંધાને તા. ૦૧–૦૮–૨૦૨૧ ના રોજ પાટણ પ્રતિવાદીને સ્થળ તપાસ કરી જરૂરી કાર્યવાહી કરી અરજદારને યોગ્ય પ્રત્યુતર પાઠવવા જણાવેલ તેમ છતાં પ્રતિવાદીની કચેરી દ્વારા કોઇ કાર્યવાહી કરી હોય તેની જાણ વાદીઓને કરેલ નથી. કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી પાટણ દ્વારા તા. ૦૭–૦૯–૨૦૨૧ ના રોજ ૬૬ કેવી ના નીચે કેટલા દબાણ દૂર કરવામાં આવેલા છે તેની યાદી વાદીઓને આપવા જણાવેલ. તેમછતાં દાવો દાખલ કર્યા સુધી પ્રતિવાદીએ કોઇ જાણકારી વાદીઓને આપેલ નથી. પ્રતિવાદીએ કોઇ પ્રતિ ઉત્તર ના આપતા તા. ૧૩–૦૮–૨૦૨૧ ના રોજ પાટણ જીલ્લા કલેકટર કચેરીએ ચાલતા જીલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ફરિયાદ આપેલ

વિગેરે હકિકતો જણાવી વાદીઓને હેરાન કરવા સારૂ પ્રતિવાદી દ્વારા ખોટી રીતે તા. ૦૭–૧૦–૨૦૨૧ ની જે નોટીસ આપેલ છે તે ખોટી આપેલી હોઇ કાયદાની કઇ કલમની રૂહે મોકલેલ છે તેનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. પ્રતિવાદી દ્વારા નોટીસ ગેર કાયદેસર હોઇ વાદીઓએ પ્રતિવાદીને સદર નોટીસનો જવાબ તેમજ પ્રતિ નોટીસ સી.પી.સી. ની કલમ–૮૦ સી અન્વયે આપેલ છે. ત્યારથી આ દાવો દાખલ કરવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે. સદર અરજીના પેરા (૧૩) મુજબ આ કામના પ્રતિવાદી દ્વારા વાદીઓની માલિકી મિલકતમાં ખોટી રીતે નોટીસ આપી બાંધકામ તોડવાની પેરવી કરતા હોઇ અને વાદીઓને નુકશાન થાય તેવી પ્રવૃત્તિ કરતા હોવાથી હંગામી મનાઇ હુકમ વાદીઓના હિતમાં આપવામાં આવેતો પ્રતિવાદીને કોઇ નુકશાન થાય તેમ નથી. જો હંગામી મનાઇહુકમ વાદીઓના લાભમાં આપવામાં ન આવે તો વાદીઓને આર્થિક તેમજ સામાજીક તેમજ ઉપયોગ, ઉપભોગ ના સુખાધિકારનુ નુકશાન થાય તેમ છે આથી હાલની આ અરજી હંગામી મનાઇ હુકમની આપી પેરા નં.(૧૫) મુજબની દાદ માંગેલ છે.

૯. આ કામે પ્રતિવાદીને અગાઉ નોટીસ બજવા છતાં, તેઓ કે તેમના વિ.વકીલ શ્રી હાજર થયેલ નથી કે વકીલ શ્રી તરફે કોઇ રીપોર્ટ રજૂ ન હોઇ પ્રતિવાદી વિરૂદ્ધ કામ એકતરફી ચલાવવાનો હુકમ આંક–૧ નીચે કરવામાં આવે છે.

૧૦. આ કામે વાદીઓ તરફે દાવા અરજ અને હંગામી મનાઇહુકમની અરજી આંક–૫ થી રજૂ કરેલ છે. આંક–૬ થી દાવાવાળી મિલકતની સ્થળ સ્થિતિ અને કબજા સાથેનુ નકશા સાથેનુ કોર્ટ કમિશ્નર નિમી પંચનામુ કરવાની અરજી આપેલ છે. તેમજ આંક–૭ થી હંગામી મનાઇ હુકમની અરજીનો હુકમ થાય ત્યાંસુધી વચગાળાનો મનાઇ હુકમ આપવા અરજી કરેલ છે જે વંચાણે લીધી. તેમાં મુખ્યત્વે આંક–૫ ની અરજીની હકીકત જણાવી આંક–૫ ની અરજી મંજુર કરવા અને માંગણી મુજબની દાદ આપવા વિનંતી કરેલ છે. વધુમાં આ કામે વાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજો રજૂ રાખેલ છે.

માર્ક ૪/૧ જીલ્લા કલેકટર કચેરીએ સ્વાગત ફરિયાદમાં આપેલ અરજીની નકલ.

માર્ક ૪/૨ નગરપાલીકા દ્વારા કરેલા સને ૨૦૨૦–૨૦૨૧ ની યાદી.

માર્ક ૪/૩ દુકાનની આકારણી કરેલ તેના વેરાની પાવતી કોમર્શીયલની નકલ.

માર્ક ૪/૪ વાદી તા.૨૦–૭–૨૦૨૧ ના રોજ પાટણ નગરપાલાકા જોડે માહિતી અધિકાર ૨૦૦૫ અન્વયે માંગેલ માહિતીની અધુરી માહિતી આપેલ તેની નકલ.

માર્ક ૪/૫ તા.૯–૭–૨૧ ના રોજ કાયદેસર કરેલ બાંધકામ વાળી દુકાન પાડી દીધેલ તેના ફોટા.

માર્ક ૪/૬ વાદીના ઘર નં. ૫/એ, ની પાટણ નગરપાલીકાની ઘરના વેરાની માંગણ બીલની નકલ.

માર્ક ૪/૭ વાદી દ્વારા પાટણ જી.ઈ.બી. જોડે આર.ટી.આઇ.૨૦૦૫ અન્વયે તારીખ ૨૬–૭–૨૦૨૧ ની માંગેલ માહિતીનો જવાબ.

માર્ક ૪/૮ વાદીની દુકાન તોડી પાડેલ તેના ૨ ફોટાની નકલ.

માર્ક ૪/૯ ૬૬ કેવી લાઇન નીચે થયેલા બિન કાયદેસર બાંધકામની યાદીની નકલના કુલ પેજ–૩.

માર્ક ૪/૧૦ પાડોશીના મકાન નં.૬/એ, ની કાયદેસરની દિવાલ તોડી પાડેલ તે લગત કરેલ અરજીની નકલ.

માર્ક ૪/૧૧ મકાન નં.૬/એ, ની જે દિવાલ લે–આઉટ પ્લાન પ્રમાણે હોવા છતા તોડી દીધેલ તેના ફોટા નં.૧.

માર્ક ૪/૧૨ વાદી દ્વારા પાટણ નગરપાલીકાને ૬૬ કેવી નીચે આવતા દબાણો દૂર કરવા કરેલ અરજીની નકલ.

માર્ક ૪/૧૩ પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી નગરપાલીકા ગાંધીનગર ઝોન દ્વારા ૬૬ કેવી નીચે આવતા દબાણો દૂર કરવા તેમજ વાદીને આ બાબતે જાણ કરવા સારૂ પાટણના ચીફ ઓફિસરને પાઠવેલ જવાબની નકલ.

માર્ક ૪/૧૪ પાટણના કલેકટર શ્રીની કચેરીએ પાટણ નગરપાલીકાને ૬૬ કેવી નીચે આવતા દબાણો દૂર કરવા કરેલ આદેશની નકલ.

માર્ક ૪/૧૫ વાદી દ્વારા સ્વાગત ફરીયાદ કરેલ તે લગત પાટણ જીલ્લા કલેકટર શ્રીએ કરેલ પાટણના નગરપાલીકાને જવાબ મોકલવા બાબત તા.૨૦–૯–૨૧ સુધીમાં તેની નકલ.

માર્ક ૪/૧૬ પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી નગરપાલીકા ગાંધીનગર ઝોન દ્વારા મકાન નં.૬/એ, ની દિવાલ બનાવી આપવા કરેલ આદેશની નકલ.

માર્ક ૪/૧૭ વાદીને નગરપાલીકા દ્વારા એકસટેન્શન કરેલ બાંધકામ બાબતે જાણ કરવા આપેલ નોટીસની નકલ.

માર્ક ૪/૧૮ તા.૧૫–૦૯–૨૧ લગત મોકલેલ નોટીસનો પાટણ નગરપાલીકાને જવાબ વાદી દ્વારા કરેલ તેની નકલ.

માર્ક ૪/૧૯ બાંધકામની રજાચિઠ્ઠી.

માર્ક ૪/૨૦ આખરી નોટીસ આપેલ તેની નકલ.

માર્ક ૪/૨૧ પાટણ નગરપાલીકા દ્વારા આપેલ પ્રથમ નોટીસની નકલ

માર્ક ૪/૨૨ પાટણ નગરપાલીકાને મોકલેલ નોટીસની ઓસી નકલ

માર્ક ૪/૨૩ મકાનનો નકશો.

ઉપરોકત દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો રજૂ થયેલ છે જે વંચાણે લીધા.

૧૧. આ કામે વાદીઓએ પોતાનો દાવો તથા મનાઇહુકમની અરજીના સમર્થનમાં ઉપરોકત દસ્તાવેજી પુરાવા રજૂ રાખી સમર્થન મેળવવા પ્રયત્ન કરેલ છે. જેમાં વાદીઓની દુકાનની આકારણી કરેલ તેનો વેરા ભરેલાનુ પાવતી માર્ક ૪/૬ જોતા જણાઇ આવે છે. બાદ વાદીઓની દુકાન પ્રતિવાદી દ્વારા તોડી પાડેલ તેના ફોટા માર્ક ૪/૫ જોતા જણાઇ આવે છે. વાદીઓએ પાટણ નગરપાલીકામાં કાયદેસરનુ બાંધકામ કરેલ છે કોઇ ગેર કાયદસરેનુ બાંધકામ કરેલ નથી તેમ જણાવેલાનુ અને તેમની મીલકતની આકારણી કરી જે પણ વેરો કે ખર્ચ હોય તો તેઓ ભરવા તૈયાર હોવાનુ

જણાવેલ છે. ત્યારબાદ પાટણ નગરપાલીકા દ્વારા વાદી અરવિંદભાઇ જયંતિલાલ ઠક્કર ને પ્રથમ નોટીસ માર્ક ૪/૨૧ આપીને ગેર કાયદેસરનુ બાંધકામ દૂર કરવા જણાવેલ છે. સદર નોટીસનો જવાબ માર્ક ૪/૨૨ થી વાદીઓ દ્વારા પાટણ નગરપાલીકામાં આપેલ છે. આમ, દાવાવાળી મીલકત ઉપર બાંધકામ વાદીઓ દ્વારા કાયદેસર પ્રક્રિયા અનુસરીને કરેલાનુ જણાવેલ છે અને પ્રતિવાદી સદર મીલકત ઉપર કરેલ બાંધકામ તોડે તોડાવે નહિ તેવો દાવાના આખરી નિકાલ સુધી હંગામી મનાઇ હુકમ મેળવવા માંગણી કરે છે. રેકર્ડ જોતા આ કામે કોર્ટ કમિશ્નર દ્વારા તૈયાર કરાયેલ અસલ પંચનામુ માર્ક ૮/૧ વાળુ તથા અસલ નકશો માર્ક ૮/૨ થી રજૂ થયેલ છે. જોકે, આ કામે પ્રતિવાદી નગરપાલીકા દ્વારા આ બાબતે કોઇ જવાબ રજૂ થયેલ નથી કે હાજર થયેલા નથી. પરંતુ કામ પ્રતિવાદી તરફે કામ એક તરફી ચલાવવાના હુકમ થયેલો હોય તેટલા માત્ર કારણથી વાદીઓને હંગામી કે કાયમી મનાઇહુકમ આપી ન શકાય. આ કામે રજૂ થયેલ માર્ક ૪/૭ થી વાદી દ્વારા પાટણ જી.ઈ.બી.જોડે આર.ટી.આઇ.૨૦૦૫ અન્વયે તા. ૨૬–૦૭–૨૦૨૧ ની માંગેલ માહિતો જવાબ રજૂ થયેલ છે તે વંચાણે લેતા. તેમાં લાઇન પ્રમાણે રહીશો કે સંસ્થાને આપવામાં આવેલ સુચનાઓની યાદી જેમાં અનુ નં. (૧) <u>**૬૬ કેવી પાટણ કમલીવાડા લાઇન**</u> ના હેડ નીચેના કોઠામાં અનુ નં.(૧) ઉપર શ્રી અરવિંદભાઇ ઠક્કર, ૫/એ, તિરૂપતિ બંગ્લોઝ તેમ લખેલાનુ તથા અન્ય ૭ વ્યક્તિઓના નામ સરનામાનુ વર્ણન કરેલાનુ જણાઇ આવે છે. આમ, જી.ઇ.બી. પાટણ દ્વારા તા. ૦૭–૦૮–૨૦૨૧ ના રોજ હાલના વાદી નં.૧ અરવિંદભાઇ જયંતિલાલ ઠક્કર ને ઉદ્ધેશીને જે માહિતી આપેલ છે તે પત્રના પેરા નં.(૨) માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, <u>વન સંરક્ષણ અધિનિયમ ૧૯૮૦ અને સુધારા ૧૯૯૨ તેમજ વિજ અધિનિયમ–૨૦૦૩ ના વિભાગ(૬૮) ના પેટા વિભાગ (૫) પ્રમાણે ૬૬ કેવી લાઇન ના મધ્ય તારથી બંન્ને બાજુ ૯ મીટર (કુલ...૮) મીટર સુધી કોઇપણ પ્રકારનુ બાંધકામ કરી શકાય નહિ</u>. સદર માહિતી ખુદ વાદીઓએ જાતે ઉભી કરેલી અને તેનો જવાબ જી.ઇ.બી. પાટણ દ્વારા ઉપરોકત મુજબ આપવામાં આવેલ છે ત્યારે અને નકશો

તથા પંચનામુ ધ્યાને લેતા વીજ વાયરો બાંધકામ ઉપરથી પસાર થતા હોવાનુ જણાઇ આવે છે. ત્યારે વાદીઓ પ્રત્યે પ્રતિવાદી નગરપાલીકાએ ખોટી રીતે નોટીસ આપીને વાદીઓને હેરાન કરવાના હેતુથી ખોટી રીતે નોટીસ આપેલાની હકિકત માનવાને કોઇ કારણ જણાતુ નથી.

આમ, રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા તથા કરેલ ચર્ચા અન્વયે વાદીઓની હાલની અરજી ગ્રાહ્ય રાખવા માટે પ્રથમદર્શનિય કેસ જણાતો નથી. તેમજ સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં જણાતી નથી તેમજ જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ન આવેતો વાદીઓને નાણાંથી ભરપાઇ ન શકે તેવુ કોઇ નુંકશાન થાય તેમ નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદીનો કોઇ પ્રથમદર્શનિય કેસ હોવાનું માનવાને કારણ નથી અને તેથી સગવડતા અગવડતાના ધોરણનું પણ વાદીઓની તરફેણમાં હોવાનું માનવાને કારણ નથી તેથી વાદીઓને નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું કોઇ નુંકશાન થાય તેમ છે તેવું માનવાને કારણ પણ જણાતુ નથી જેથી મુદ્દા નંબર– ૧ થી ૩ ના જવાબ નકારમાં આપી મુદ્દા નંબર– ૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### **હુકમ** ###

૧. વાદીઓની આંક–૫ ની હંગામી મનાઇહુકમ મેળવવાની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

૨. સદર અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૧૦ માહે જાન્યુઆરી સને ૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૧૦–૦૧–૨૦૨૨
પાટણ.

(ઉમેશચંદ્ર શંકરલાલ પરમાર)
ત્રીજા એડી.સિનીયર સીવીલ જજ,પાટણ
Judge Code No. GJ 001160

" એચ.એમ.ઠાકર "